# ગુજરાતી પ્રવેશિકા (દ્વિતીય / તૃતીય)

# કૃતિ પુસ્તિકા

## ધોરણ - ૯

મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક
શિક્ષણ મંડળ, પુણે.

# વિભાગ ૧
# પદ્ય વિભાગ

**નિમ્ન કૃતિઓ આપને માર્ગદર્શન માટે આપેલી છે. તેમાં આપ ફેરફાર કરીને બાળકોને આપી શકો છે.**

## કાવ્ય - ૧
## વિઠ્ઠલ વરને વરી રે

**-મીરાંબાઈ**

તિલક છાપ તુલસીની માળા,
હરિએ હાથે દીધી રે. રાણાજી
લોક અમારી નિંદા કરે રે,
અમે ધોખો તેનો ના ધરીએ રે. રાણાજી
વરમાળા વનમાળીની પહેરી,
અમે છૂટે છેડે ફરીએ રે. રાણાજી
મીરાંબાઈ કહે પ્રભુ ગિરધર નાગર,
સંતને ચરણે તરીએ રે. રાણાજી

(મીરાબાઈનાં પદો)

**કૃતિ-૧ અ) ઉપરનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.**

**પ્રશ્ન ૧ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧) હરિએ.....................

૨) અમે ધોખો.....................

૩) વરમાળા......................

૪) સંતને.........................

**બ) પદ્યાંશમાંથી યોગ્ય શબ્દ શોધીને લખો.**

ઈશ્વર ---------- ટીકા -----------

પગ ---------- ચાંદલો ----------

**ક) શબ્દ બનાવો.**

૧)




૨)



ક)  ૧) મીરાંબાઈની કૃષ્ણભક્તિ વિશે જણાવો.

૨) ભક્તિ વિશેના તમારા વિચારો દર્શાવો.

## કાવ્ય - ૨
## માનની સજઝાય

- ઉદયરત્ન

રે જીવ ! માન ન કીજીએ, માને વિનય ન આવે રે,
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે રે? રે૦ ૧
સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે,
મુક્તિના સુખ છે શાશ્વતાં, તે કેમ લહીએ જુક્તિ રે. રે૦ ૨
વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે,
માને ગુણ જાયે ગળી, પ્રાણી જોજો વિચારી રે. રે૦ ૩

**કૃતિ-૧ અ) ઉપરનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.**

**પ્રશ્ન ૧ ખાલી જગ્યા પૂરો.**

૧) રે જીવ ! ................ ન કીજીએ.

૨) માને ................ જાયે ગળી.

૩) મુક્તિના સુખ છે .................

૪) વિનય વડો .................. ગુણમાં અધિકારી રે.

**બ) યોગ્ય જોડી બનાવો.**

૧)




૨) 'કારી' આવે એવા ચાર શબ્દ બનાવો.

અધિકારી :

**ક) પદ્યાંશમાંથી જોડાક્ષરવાળા શબ્દો શોધીને લખો.**

ઉદા. જુક્તિ

--------, ----------, ---------, ----------, ----------

ડ)　૧) તમારા મતે વિનય અને વિવેકનું મહત્વ જણાવો.

૨) સદ્‌ગુણો માટે તમારા મત લખો.

## કાવ્ય - ૩
## આણાં ના'વ્યાં રે મોરા

લોકગીત

કારતક મહિનો કામનો, ને કામે નાનાં બાળ,
માગશરે મન મોહી રિયાં, દલડાં લાલગુલાલ,
આણાં ના'વ્યાં રે મોરા
પોષ મહિનાની પૂનમડી, અગાશીએ રાંધ્યાં અન્ન,
મહા મહિનાનાં માયરાં ને પરણે જાદવરાય,
આણાં ના'વ્યાં રે મોરાં
ફાગણ મહિનો ફાલીઓ ને ફાલ્યાં દાડમ દ્રાક્ષ
ચૈત્રે ચંપો મહોરિયો ને સ્હોરી આંબાડાળ,
આણાં ના'વ્યાં રે મોરાં
વૈશાખે વન વેડિયાં ને વેડચાં દાડમ દ્રાક્ષ,
જેઠ મહિનાના તડકા ને ઘરમાં નવ રહેવાય,
આણાં ના'વ્યાં રે મોરાં

**કૃતિ-૧ અ) ઉપરનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.**

**પ્રશ્ન ૧ ખાલી જગ્યા પૂરો.**

૧)　ફાગણ મહિનો ............... ને ફાલ્યાં ............., ............

૨)　ચૈત્રે ............ મહોરિયો ને સ્હોરી ................

**બ)　નીચે આપેલા મહિનાને ક્રમ પ્રમાણે ગોઠવો.**

| ચૈત્ર | પોષ | કારતક | ફાગણ |
|---|---|---|---|

**બ)　યોગ્ય જોડી બનાવો.**

| **૧)** | **અ** | **બ** |
|---|---|---|
| ૧) | પોષ પૂનમ | હોળી |
| ૨) | ફાગણ પૂનમ | રક્ષા બંધન |
| ૩) | શ્રાવણ પૂનમ | શરદ પૂનમ |
| ૪) | આસો પૂનમ | પોષી પૂનમ |

૨) **લઘુતાવાચક શબ્દ બનાવો :-**

**પૂનમ - પૂનમડી**

દાડમ - ----------  આંખ - ----------

રાત - -----------  જીભ - ----------

૬) **૧) આજના યુગમાં ઉજવાતા તહેવારો વિશે તમારો અભિપ્રાય જણાવો.**

**૨) તમને ગમતાં કોઈપણ બે મહિનાનું મહત્ત્વ લખો.**

# કાવ્ય - ૪
# જંગલની મંજરી

**-મકરંદ દવે**

મુંબઈ નગરીમાં કોઈ આંબો મ્હોરે તો
એની મંજરીને રામ રામ કેજો
એનાં મીઠાં ઓવારણાં લેજો.
ઊંચા સિમેન્ટના ડુંગરની ધારે ને
કાળી ડામરની તળેટીએ,
જંગલની મંજરી આ આવી ચડી છે અહીં
પાણા તે ફોડવાને પેટિયે
ઊઘડતી આંખ એની બિડાતી જાય તો
અમરતનાં છાંટણાં દેજો !

**કૃતિ-૧ અ) ઉપરનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.**

**પ્રશ્ન ૧ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧) મુંબઈ નગરીમાં ................ કેજો.

૨) ઊંચા સિમેન્ટના .................. તળેટીએ

૩) ઊઘડતી આંખ .............. દેજો.

**બ) નીચેનામાંથી આ ઘટકનો અહીં ઉલ્લેખ નથી.**

(ડામર) (રેતી) (પાણા) (સિમેન્ટ)

**ક) १) પદ્યાંશના શબ્દો નીચેના કોઠામાંથી શોધો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પા | ટિ | બિ | ડા | તી | કા |
| ઈ | આં | ખ | જો | અ | જ |
| ઓ | દ | બો | જં | મ | ત |
| વા | ર | ડું | ગ | ર | ળી |
| ર | ત | ણા | લ | ત | આ |
| ણાં | ટ | છાં | ટ | ણાં | ખ |

**२) જોડાક્ષર સરળ બનાવી લખો.**

અમૃત : અમરત

પરમાર્થ : ______

સમર્થ : ______

ભક્તિ : ______

સ્વાર્થ : ______

ગર્વ : ______

**ડ) १) 'મુંબઈ નગરી' વિશે માહિતી આપો.**

**२) કવિએ વર્ણવેલી મુંબઈ નગરી વિશે તમારા શબ્દોમાં લખો.**

## કાવ્ય – ૫
## વતનવાટે બપોર

ગાડીથી ઉતરીને, પળભર વિરમી શંભુને શાન્ત દેરે,
હીંડયો હૈયે અધીરે, વતનપથ પરે, ધોમધીખ્યા બપોરે;
ખેલેલો ઘૂઘરે હું શિશુવય જનનીઅંક, એવાં જ વ્હાલાં,
વૈશાખી વા અડે ને ખડખડ ખખડે ખેતરે ખાલી કાલાં !
આઘેની ભેખડે કો ભડભડ બળતી ચેહ રાતી સ્મશાને,
સામેથી દોડી આવે પરિચિત સરિતા જાંબુઓ ભેટવાને !
એકાદે વૃક્ષઠૂંઠે 'પ્રભુ તું, પ્રભુ તું' ની ધૂન માંડે કપોત,
પીતો મધ્યાહ્ન પોશે, હળુહળુ સરિતાનો વટી જાઉં સ્ત્રોત !

**કૃતિ-૧ અ) ઉપરનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.**

**પ્રશ્ન ૧ નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧) વૈશાખી વા ..................

૨) સામેથી દોડી આવે ..................

**બ) ૧) જોડકાં જોડો.**

| | |
|---|---|
| ૧) જનની અંક | ૧) કબૂતર |
| ૨) ચેહ | ૨) નદી |
| ૩) કપોત | ૩) માતાનો ખોળો |
| ૪) સરિતા | ૪) ચિતા |

**૨) જોડ શબ્દ લખો :**

| અ | બ |
|---|---|
| ૧) પળ | ૧) અંક |
| ૨) જનની | ૨) વૃક્ષ |
| ૩) સરિતા | ૩) ભર |
| ૪) ઠૂંઠા | ૪) વય |
| ૫) શિશુ | ૫) સ્ત્રોત |

**ક) નીચેનામાંથી ---------- આ ઘટકનો ઉલ્લેખ અહીં નથી.**

૧) ખેતર ૨) ડુંગર ૩) વૃક્ષ

**ડ) વ્યક્તિગત અભિવ્યક્તિ :-**

વૈશાખના બપોરનું વર્ણન તમારા શબ્દમાં લખો.

**કૃતિ - ૨** ખંભાની ખીંટીએ દૌ ................................................

................................................ લૂ બની જાય સાકી !

ઉપરનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

**અ) ખાલી જગ્યા પૂરો.**

૧) ખંભાની ખીંટીએ દૌ ભેરવી .................... બઢું ઓર આગે.

૨) ભાગોળે આપણી તો ............... વરસતી લૂ બની જાય સાકી !

**બ) પ્રસ્તુત શબ્દના સ્થાને પદ્યાંશમાં પ્રયોજાયેલ શબ્દ લખો.**

૧) ધજા = ------------ ૨) પાદર = --------------

૩) ક્ષણભર = ---------- ૪) બપોર = -------------

**ક) મને ઓળખો.**

૧) અગન વરસતી ------------

૨) ખંભાની ખીંટીએ ભેરવેલ ------------

**ડ) ૧) ગામડાનાં જીવન વિશે તમારા શબ્દોમાં આલેખો.**

**૨) કવિનો વતનપ્રેમ તમારા શબ્દોમાં લખો.**

## કાવ્ય - ૬
## સ્વતંત્રતા

અમે જ ખોઈ હતી, હવે એ અમે જ મેળવી સ્વતંત્રતા !
હો, અમે મેળવી સ્વતંત્રતા !
અમે મેળવી, અમે રક્ષશું પ્રાણ સમર્પી સ્વતંત્રતા !
હો અમે મેળવી સ્વતંત્રતા !
હિમગિરિ ઉન્નત ભવ્ય અમારો,
સૌમ્ય ગંગાનાં નિર્મલ નીર ;
ઉન્નત ધ્વજ લહરંત અમારો,
સૌમ્ય ગુંજતું ચક્ર સુધીર;
ભોમ અમારી પુરાણ એની જગ-ઈતિહાસ અનન્યતા ! હો એમ.....

**કૃતિ-૧ અ) ઉપરનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.**

**૧) પ્રસ્તુત પદ્યાંશનો પ્રકાર જણાવો.**

મુલક એટલે ......................

(દેશ) (પ્રદેશ) (વિશ્વ)

**૨) શબ્દો બનાવો.**



**બ) યોગ્ય શબ્દ લખો.**




**ક) જોડકાં જોડો**

| | |
|---|---|
| ૧) હિમગિરી | ૧) મૃદુ |
| ૨) ભોમ | ૨) હિમાલય |
| ૩) ઉન્નત | ૩) પૃથ્વી |
| ૪) સૌમ્ય | ૪) ઊંચી |

**ડ) વ્યક્તિગત અભિવ્યક્તિ**

★ ભારતના રાષ્ટ્રધ્વજની વિશિષ્ટતા જણાવો.

★ ભારતીય સ્વાતંત્ર્યવીરોનાં નામ લખી કોઈપણ એક સ્વાતંત્ર્યવીર વિશે માહિતી આપો.

**૩) આપણા દેશની વિશેષતાઓનું કવિએ કરેલું વર્ણન તમારા શબ્દોમાં લખો.**

## કાવ્ય - ૭
## જરા નીકળો

**કવિ - મનોજ ખંડેરિયા**

વીતેલા બાળપણનો હાથ ઝાલીને જરા નીકળો
નર્યા વિસ્મયની ક્ષણનો હાથ ઝાલીને જરા નીકળો
સમજવા મનને સઘળી શાસ્ત્ર સમજણ ખીંટીએ ટાંગો !
પછી કોઈ અભણનો હાથ ઝાલીને જરા નીકળો
અટૂલા પાડી દે છે કૈં વખત પોકળ પરિચિતતા,
અજાણ્યા કોક જણનો હાથ ઝાલીને જરા નીકળો
જીવનની ભીંસમાં કરમાઈ જાતાં વાર નહીં લાગે,
તરોતાજા સ્મરણનો હાથ ઝાલીને જરા નીકળો

**પ્ર.૧ અ) ઉપરનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.**

**૧) કાવ્યનો પ્રકાર જણાવો.**

**૨) કવિનું નામ લખો.**

**બ) જીવનની અવસ્થાઓને યોગ્ય ઘટનાક્રમમાં લખો.**

યુવાવસ્થા, બાલ્યાવસ્થા, પ્રૌઢાવસ્થા, કુમારાવસ્થા, વૃદ્ધાવસ્થા




અથવા




**ક) ૧) 'પણ' પ્રત્યય લગાવી ચાર શબ્દો બનાવો.**

**દા.ત. - બાળપણ**

| | |
|---|---|
| | |
| | |

**ડ) ૧) આપેલા ખાનામાં યોગ્ય શબ્દ લખો.**

૧) જાણીતો નથી તે

૨) સમજ પડે તે

૩) કર, પાણિ

૪) ભણેલો નથી તે

| | | | |
|---|---|---|---|
| ૧ | | | ૨ |
| X | X | X | |
| ૩ | | X | |
| X | ૪ | | |

**૨)**

| | | |
|---|---|---|
| સં | | |
| | ગ | |
| | | ત |

શબ્દની વચ્ચે 'ગ' આવે તેવા શબ્દ લખો.

**ઈ) ૧) તમારા બાળપણનો યાદગાર પ્રસંગ લખો.**

**૨) કવિના વિચારો તમારા શબ્દોમાં લખો.**

# વિભાગ ૨
# ગદ્ય વિભાગ

## પાઠ - ૧
## ભાષાનું દાન

★ **ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.**

**અ) ૧) ઘટના આલેખો.**

પાંચ વર્ષે --------------

ઓગણત્રીસમે વર્ષે --------------

ગણિત શીખવા --------------

ગુજરાતી શીખવા --------------

| |
|---|
| ભારતમાં આવીને મારે ગુજરાતમાં કામ ............... શોધમાં હું વલ્લભ વિદ્યાનગર ગયો. |

**બ) ૨) યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

૧) છોકરાઓ નાની ઉંમરે અભ્યાસ કરે એવો ....................

૧) લેખકના પિતાશ્રીનો આગ્રહ હતો  ૨) તેમના ગુરૂનો આગ્રહ હતો

૩) લેખકના માતુશ્રીનો આગ્રહ હતો  ૪) લેખકના મિત્રોનો આગ્રહ હતો

૨) મદ્રાસના વિદ્યાર્થીઓ વર્ગની બહાર આવી.................

૧) અંગ્રેજીમાં બોલતા  ૨) ગુજરાતીમાં બોલતા

૩) વાતચીત કરતાં  ૪) તામિલ ભાષામાં વાત કરતાં

**ક) ૩) આપેલા ચોકઠામાંથી જુદી જુદી ભાષાઓના નામ શોધો.**

| | | | | |
|---|---|---|---|---|
| ફ્રેં | ચ | અ | ર | સ્પે |
| ર | શિ | ય | ન | ની |
| શિ | પ | ર્મ | ફ | શ |
| ની | જ | અ | ર | બી |

**ડ) ૪) ૧) ગદ્યાંશને આધારે ફાધર વાલેસનું વ્યક્તિચિત્ર આલેખો.**

**૨) નવી ભાષા શીખવાના અનુભવનું વર્ણન કરો.**

# પાઠ - ૨
# સાર્વજનિક કામો

## ગદ્યાંશ - ૧

શેરીમાં રહેનારા બધા ય બબ્બે ચચ્ચાર ગાડાં ............... આખું ગામ ઢંકાય. **(પાનુ નં-૨૫)**

**અ) યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

૧) અશ્વિન -------------

અ) એન્જિનિયર હતો  બ) ડૉક્ટર હતો  ક) મજૂર હતો  ડ) શિક્ષક હતો

૨) રેતી -----------

અ) નદીમાંથી મળે  બ) ખાડીમાંથી મળે  ક) ઘરમાંથી મળે  ડ) ખેતરમાંથી મળે

**બ) ૧) પાકી સડક બનાવવાનો યોગ્ય ક્રમ ગોઠવીને લખો.**

કપચી પથરાય,  વરાળ ચક્ર ફરે,  જમીનમાં પ્રથમ માટીકામ થાય, અમુક ઘનફૂટ કાંકરી પથરાય, જમીનને સપાટ કરે



**૨) અનુસ્વારથી અર્થમાં થતો ફેરફાર જણાવો.**

૧) સારુ ..............  સારું ..............,  જગ ............ જંગ ............

૩) ઘરની બાજુમાં રહેનાર = ------------

(ગામડિયા,  શહેરી,  પરદેશી,  પાડોશી)

૪) જળ માટે ગદ્યાંશમાં વપરાયેલો શબ્દ = ................

(પાણિ,  પાણી,  ભૂ,  નીર)

**૫) ૧) તમારો ગ્રામ્યજીવનનો અનુભવ વર્ણવો.**

**૨) અહીં વ્યક્ત થતો ગામડાંના લોકોનો મનોભાવ જણાવો.**

## ગદ્યાંશ - ૨

**ખ) ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.**

**ખાલી જગ્યા પૂરો.**

૧) ................... પ્રાણીએ બરાડવા માંડ્યું.

૨) ત્રણ કલાકની મહેનત પછી ............... બહાર નીકળી શકી.

| |
|---|
| ગામથી અડધો ગાઉ દૂર ............... મૂર્છા ખાઈ જમીન પર ઢળી પડી. **(પાનું ૨૯)** |

**બ) યોગ્ય જવાબ લખો.**

૧) જોડ શબ્દો શોધી : દા.ત. દોરડાં લાકડી

**ક) આપેલ શબ્દમાંથી અન્ય શબ્દ બનાવો**

દા.ત. નિરાધારતા,

ધાર ---------, ------------, -----------, ------------

**૨) રૂઢિપ્રયોગોના યોગ્ય જોડકા જોડો.**

| અ | બ |
|---|---|
| પ્રયત્ન કરવો | પાછળ ઠેલવું |
| હડસેલવું | મદદ કરવી |
| સહાય કરવી | વલખાં મારવા |
| તરફડિયાં મારવા | કોશિશ કરવી |

**ડ) ૧) તમે પાળેલા પ્રાણીની સંભાળ રાખો છો તે વિષે જણાવો.**

**૨) ભેંસની વ્યથાનું તમારા શબ્દોમાં વર્ણન કરો.**

# પાઠ - ૩
# વાતવાતમાં

**અ) ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.**

૧) સુરબાળા અને વસંતના લગ્ન થયા.

૨) બીજે વર્ષે વસંત બી.એ. માં પાસ થયો.

૩) વસંતે ઘર છોડી જવાની વાત કરી.

૪) સુરબાળા સાથે પરણવાની વાત કરી.

| |
|---|
| સુરબાળાને વસંતના શબ્દો............... સાઠની નોકરી પર પણ ચઢી ગયો..... પાનું નં. ૩૫ |

**બ) યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

૧) વસંતની માતા --------------

અ) રોષ અને તિરસ્કારથી તરછોડી રહી. બ) રોષ અને મમતાથી તાકી રહી.

ક) એમને ધમકી આપી રહી. ડ) એને વસંત વહાલો ન હતો.

૨) ત્રણે જણ વસંતની --------------

અ) નફ્ટાઈ સામે તાકી રહ્યાં બ) સામે એકીટશે જોઈ રહ્યાં

ક) સાથે રમત રમી રહ્યાં ડ) સામે શસ્ત્રો અજમાવ્યા.

**ક) ૧) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.**

૧) વારંવાર માટે વપરાયેલો શબ્દ --------------

૨) દરવાજે ચોકી કરનાર -------------------

**૨) 'અ' પ્રત્યય લગાડીને વિરોધી શબ્દ બનાવો.**




**૩) સહસંબંધ જોડો.**

| | **અ** | **બ** |
|---|---|---|
| ૧) | શત્રુ | કાલ |
| ૨) | મોટો | મિત્ર |
| ૩) | સુખ | નાનો |
| ૪) | આજ | દુઃખ |

**ડ) ૧) તમારા મોટા ભાઈ / બહેનના લગ્ન પ્રસંગનો તમારો અનુભવ જણાવો.**

**૨) વસંતે પોતાના લગ્નની વાત વડીલો સમક્ષ જે રીતે રજૂ કરી તે અંગેના તમારા વિચાર લખો.**

## પાઠ - ૪
## ખોટા રૂપિયાની કહાણી

**ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.**

થોડા દિવસ પર આણંદથી ................. ચાર આનાનો માર ખાઈ ઘરે આવ્યા.

**અ) ખાલી જગ્યા પૂરો.**

૧) રૂપિયો પહેલા .................... મોકલ્યો.

૨) રૂપિયો દિવસે જરા .................... જેવો ઝાંખો લાગતો.

૩) ગલ્લામાં રોકડા રૂપિયા ..................જ હતા.

૪) વિનાશકાળે ..................... બુદ્ધિ.

**બ) ૧) ગદ્યાંશમાંથી રૂઢિપ્રયોગ શોધો.**

દા.ત. રંગમાં ભંગ પડચો.

**૨) યોગ્ય જોડકાં જોડો.**

| અ | બ |
|---|---|
| મળેલી લોકલ | કેટલીકવાર રિઝર્વ બેંક માંથી બદલી શકે. |
| રૂપિયો | માર ખાઈ ઘરે આવ્યા |
| ચાર આનાનો | બારીઓથી બહાર ફેંકવો જોઈતો હતો |
| બેંકવાળા | મોડી પડેલી ફાસ્ટ હતી |

ક) ૧) ધાતુના નામ ચોકઠામાં લખો.

| સીસુ | | | | |
|---|---|---|---|---|

૨) ગુજરાતના અન્ય શહરોના નામ ચોકઠામાં લખો.

| અમદાવાદ | | | | |
|---|---|---|---|---|

**ડ) ૧) પૈસાનું મહત્વ જેટલું જરૂરી છે છતાં તેની લાલસા એટલી જ ખતરનાક છે તે તમારા શબ્દોમાં લખો.**

**૨) ખોટા રૂપિયાએ ઊભી કરેલી મથામણ તમારા શબ્દોમાં લખો.**

# પાઠ - ૫
# પ્રાર્થના કોને કહીશું

એક જહાજ સાગરમાં જઈ ......................................................

......................................પ્રાર્થના શેની કરવી?

અ) ઘટનાક્રમ પ્રમાણે વાક્યો પૂર્ણ કરી ફરીથી લખો.




**બ) વિધાન સાચાં છે કે ખોટા જણાવી વાક્યો ફરીથી લખો.**

૧) એ જે કરે તે મને મંજૂર નથી પછી શા માટે ન માંગવું?

૨) ભાઈ, આ જહાજ ઊડવા બેઠું છે, છતાં તને ભગવાન સાંભરે છે.

**ક) રૂઢિપ્રયોગનો યોગ્ય અર્થ શોધો.**

૧) માનતા માનવી

| મનાવી લેવું | બાધા રાખવી | માન માંગવુ |
|---|---|---|

**૨) સામાસિક શબ્દનો વિગ્રહ કરો, અને સાચો જવાબ લખો.**




**૩) યોગ્ય વિરામ ચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.**

તોફાન આવ્યું છે સરસ જહાજ ડૂબી જશે અધિક સરસ આપણે ઊગરી જશું તો પણ સરસ.

**ડ) ૧) પ્રાર્થના વિષયક તમારા વિચારો / અનુભવો તમારા શબ્દોમાં આલેખો.**

**૨) ગદ્યાંશને આધારે તમને ગમતા ચરિત્ર વિશે તમારો મત જણાવો.**

# પાઠ - ૬ વૃંદાવન છે રૂડું

**ભોળાભાઈ પટેલ**

**અ) ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.**

**૧) નીચેના વિધાનો ખરા છે કે ખોટા?**

૧) પંડાઓ પ્રસાદ લઈને ફરતાં હતા.

૨) અહીં નંદબાબાનું મંદિર પહાડીની તળેટીમાં છે.

**૨) વિધાનો પૂર્ણ કરો.**

૧) નંદગામ પણ રાધાના ગામ બરસાનાની જેમ ....................

૨) તેઓ ત્યાં બેઠેલા યાચકોને ..................

| |
|---|
| નંદગાવ પણ રાધાના ગામ ................... |
| ................... એક પછી એક તરંગો ઊઠવા લાગ્યા |

**બ) ૧) ખાલી જગ્યા પૂરો.**

૧) એક પછી એક ................ ઊઠવા લાગ્યા !

૨) ........... પહોંચી ગયા.

**૨) એક શબ્દ લખો.**

૧) નંદરાજાનું ગામ

૨) રાધાનું ગામ

ક) ઘર અને ઘરની આસપાસના સ્થાન

દા.ત. ફળિયું :

મંદિર અને મંદિરની આસપાસના સ્થાન

મંડપ

**ડ) ૧) મંદિરમાં દર્શાવેલું આધુનિકરણ તમારા શબ્દમાં લખો.**

**૨) વ્રજભૂમિ વિશેના તમારા વિચારો જણાવો.**

# પાઠ - ૭ બે લઘુકથાઓ
## ૧) સૂપડું

ભગીરથ બ્રહ્મભટ્ટ

**અ) ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.**
**નીચેના વાક્યો ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.**

૧) બાજરી ઢળી જતી

૨) મા મૃત્યુ પામી

૩) બા ધમકાવે

૪) દેવાદાર થઈ ગયો છું.

| |
|---|
| એમની પાસેથી ........................ |
| ........................ હું તો અહીં 'ટીચર' છું. |

**બ) ૧) યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

૧) રમીલા સૂપડું ચલાવતા .....................

 ૧) ખૂબ રડતી.

 ૨) ખૂબ થાકતી.

 ૩) ખૂબ હસતી.

૨) હું સૂપડાંમાથી બહાર ફેંકાતા .....................

 ૧) કચરાની જેમ દૂર થઈ જતો.

 ૨) પથરાની જેમ નડતો.

 ૩) જડની જેમ ઊભો રહેતો.

**૨) ખાલી જગ્યા પૂરો.**

૧) એમાં ................... મને યાદ આવે.

૨) ............. મળતી નહોતી.

૧) ગુજરાતના ચાર શહેરોના નામ લખો

દા.ત. ઉનાવા : [ ] [ ] [ ] [ ]

૩) ઘર વપરાશની જૂની યાદગાર ચીજોના નામ લખો.

દા.ત. સૂપડું : [ ] [ ] [ ] [ ]

૪) શબ્દની પાછળ 'દાર' આવે એવા શબ્દો લખો.

દા.ત. દેવાદાર [ ] [ ] [ ] [ ]

ડ) ૧) ગદ્યાંશને આધારે નાયકના મનોભાવ વર્ણવો.
૨) તમે કોઈની ટીખળ કરી હોય અને ક્ષોભનો અનુભવ થયો હોય તે પ્રસંગ આલેખો.

## પાઠ - ૭

## (૨) સાંકળી

રામજીભાઈ કડિયા

**અ) નીચેના વિધાનો ખરા છે કે ખોટા? ખોટા વિધાનો સુધારીને ફરીથી લખો.**

૧) દેવજી બેગ ઊંચકી આગળ આગળ જતો હતો.
૨) આજની આ યુવતીમાં એને કશું કામણ લાગ્યું નહીં.
૩) સંતોકે લગ્નની ભેટમાં સાંકળ માગી હતી.
૪) એની પત્ની સંતોક ભૂલાઈ ગઇ.

**ગદ્યાંશ** દેવજી બેગ ઊંચકીને .......................................
.............................. હા, હા ઘડાવી આપું.

**ગદ્યખંડ વાંચી માગ્યા પ્રમાણે કૃતિ કરો.**

**બ)૧) વિધાન પૂર્ણ કરો.**

૧) આછા લાલ સાળુમાં શોભતી યુવતીના.........................
૨) આમ તો એ લગ્નસરામાં ઘણાંયે ...............................

૨) ૧) સાડી માટે વપરાયેલો શબ્દ [ ]
૨) નવ પરિણત કન્યા માટે વપરાયેલો [ ]
૩) દેવજીની પત્નીનું નામ [ ]
૪) સંતોકે માગેલી લગ્નની ભેટ [ ]

**ક) ૧) એક સરખા શબ્દો સાથે બનતા શબ્દો લખો.**

દા.ત. પાછળ પાછળ : [ ] [ ] [ ] [ ]

૨) ગદ્યખંડમાંથી મળતા રૂઢિ પ્રયોગો :

૧) એકી નજરે : [ ] [ ] [ ] [ ]

૩) 'જુ' અક્ષરવાળા શબ્દ બનાવો.



૪) અહીં આ ધાતુનો ઉલ્લેખ નથી

(ચાંદી) (પિતળ) (લોખંડ)

**ડ) ૧) ગદ્યખંડને આધારે દેવજીના મનોભાવ તમારા શબ્દોમાં લખો.**

**૨) દેવજી જેવો તમે જોયેલો/સાંભળેલો અનુભવ તમારા શબ્દોમાં લખો.**

## પાઠ - ૮

## એ.પી.જે. અબ્દુલ કલામનું ઘડતર

**એ.પી.જે. અબ્દુલ કલામ**

**૧) ઘટના ક્રમ પ્રમાણે ગોઠવો.**

૧) દરેક મનુષ્ય પૂર્ણ વ્યક્ત પરમાત્માનો એક વિશિષ્ટ અંશ છે.

૨) પ્રતિકૂળતા હંમેશા આત્મચિંતન માટે વિશાળ તકો પૂરી પાડે છે.

૩) પ્રાર્થના તો ઉલટી, લોકો વચ્ચે આત્મિક સંવાદને શક્ય બનાવે છે.

૪) મેં મારા પિતાને પ્રશ્ન કર્યો.

**અ) ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.**

**ગદ્યાંશ : રામેશ્વરમ મંદિરના મુખ્ય પૂજારી પાક્ષી લક્ષ્મણ શાસ્ત્રી................**
**............................ ઉત્સાહથી ઊભરાઈ ગયો હતો.**

**બ) ૧) વિધાન પૂર્ણ કરો.**

૧) મારા પિતા મને જવાબ આપતા ...............................

૨) જે ઉત્તરથી હું એક .......................................

**૨) મને ઓળખો :**

૧) રામેશ્વરમ મંદિરના પૂજારી - [ ]

૨) લક્ષ્મણ શાસ્ત્રીના ગાઢ દોસ્ત - [ ]

૩) લોકો વચ્ચે આત્મિક સંવાદને શક્ય બનાવનાર - [ ]

૪) અદશ્ય શક્તિ અને ઉત્સાહથી ઊભરાઈ જનાર - [ ]

ક) ૧) ભારતના ચાર દિશાના તીર્થધામ ...........

દા.ત. રામેશ્વર : [ ] [ ] [ ] [ ]

૨) હિમાલય તીર્થયાત્રાના ચારધામ :

દા.ત. બદ્રીનાથ : [ ] [ ] [ ] [ ]

૩) સહસંબંધ લખો :-

દા.ત. શુભ-અશુભ

| | | | |
|---|---|---|---|
| સત્ય- | લાભ - | સંપ - | યોગ્ય- |

**ડ) ૧) અબ્દુલ કલામ અને તેમના પિતા વચ્ચેનો ભાવનાત્મક વ્યવહાર તમારા શબ્દોમાં લખો.**

**૨) તમારા પિતા અને તમારો પરસ્પરનો વ્યવહાર તમારા શબ્દોમાં લખો.**

## ગદ્યાંશ ૨

**અ) ગદ્યાંશને આધારે નીચેની ઘટના યોગ્ય ક્રમમાં ગોઠવો :**

૧) શિવસુબ્રમણ્યા ઐયરની પત્ની મને પોતાના રસોડામાં લઈ ગયા.

૨) તેઓ સામાજિક બંધનો તોડવાનો ખૂબ પ્રયાસ કરતા.

૩) એક દિવસ તેમણે મને ભોજન માટે આમંત્રણ આપ્યું.

૪) શિવસુબ્રમણ્યા ઐયરને ન તો ખલેલ પહોંચી કે ન તો તે પત્ની પર ગુસ્સે થયા.

૫) તેમણે મને રસોડામાં પીરસવાની ચોખ્ખી ના પાડી દીધી.

| |
|---|
| **પણ એકંદરે જોઈએ તો, ......................................** |
| **પોતાના હાથે ભોજન પીરસ્યું.** |

**બ) ૧ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.**

૧) રામેશ્વરનો નાનકડો સમાજ જુદા જુદા ચોક્કસ ........................

૧) ઘરોમાં વહેંચાયેલો હતો.

૨) ધર્મમાં વહેંચાયેલો હતો.

૩) સ્તરોમાં વહેંચાયેલો હતો.

૨) એક દિવસ તેમણે મને .......................

૧) ભોજન માટે આમંત્રણ આપ્યું.

૨) ભજન માટે આમંત્રણ આપ્યું.

૩) રમવા માટે આમંત્રણ આપ્યું.

**૨) નીચેના વિધાનો ખરાં છે કે ખોટા? ખોટા વિધાનો સુધારીને ફરીથી લખો.**

૧) એક દિવસ તેમણે મને ભજન માટે આમંત્રણ આપ્યું.

૨) વિવિધ સામાજિક જૂથોના ભેદભાવની બાબતોમાં આત્યંતિક આધુનિક હતો.

૩) કલામ હું તને એટલો વિકસિત જોવા માગતો નથી.

૪) તેમના પત્ની રસોડાના બારણા આગળ ઊભા અમને ધિક્કારતા હતાં.

## ક) ૧ માગ્યા પ્રમાણે ઉત્તર લખો.

૧) આગળ 'સમ' શબ્દ મૂકી અન્ય શબ્દો બનાવો.

દા.ત. સમકક્ષ :

૨) 'ઈશ્વર' શબ્દ સાથે જોડાયેલા અન્ય શબ્દ લખો.

દા.ત. રામેશ્વર




૩) 'ઇક' પ્રત્યયવાળા શબ્દોની યાદી લખો.

દા.ત. નાગરિક




## ૪) આપેલા શબ્દોમાં થતો અર્થભેદ જણાવો.

| | | | | |
|---|---|---|---|---|
| ૧) | પાણી | પાણિ | ૨) કલામ | કલમ |
| ૩) | વાર | વર | ૪) ભોજન | ભજન |
| ૫) | ભાત | ભાત | ૬) ડર | રડ |
| ૭) | મગ | ગમ | ૮) જગ | જંગ |
| ૯) | નમન | મનન | ૧૦) રગ | રંગ |

૫) લાલિત્યવાચક શબ્દ લખો.

દા.ત. નાનકડો

( )

બેટડો

( )

દીવડો

( )

ગરીબડો

( )

૬) **૧) ગદ્યાંશમાં લેખકને સામાજિક જૂથ ભેદભાવનો થયેલો અનુભવ તમારા શબ્દોમાં લખો.**

**૨) વર્તમાન સમયમાં તમે અનુભવેલા કોઈ પણ પ્રકારના ભેદભાવને તમારા શબ્દોમાં લખો.**

# વિભાગ ૩
# વિશેષ વાચન

## પાઠ - ૧
## સાવિત્રી

રાજાએ પુરોહિતને તપાસ કરવા મોકલ્યો. તેને જાણવા મળ્યું કે એ યુવાન રાજા દ્યુમનસેનનો પુત્ર સત્યવાન હતો. તેના શત્રુએ તેને યુદ્ધમાં હરાવીને તેનું રાજ્ય જીતી લીધું હતું તેથી તે વનમાં આવીને વસ્યો હતો. પોતાને શત્રુ પકડી ન જાય એટલા માટે તેણે બ્રાહ્મણનો વેશ ધારણ કર્યો હતો. સત્યવાન પણ એવા જ વેશે રહેતો હતો. જંગલમાંથી લાકડાં કાપી લાવી બાજુના નગરમાં વેચીને પિતાપુત્ર પોતાનું ગુજરાન ચલાવતા હતા. પુરોહિતે આવીને અશ્વપતિને આ સમાચાર આપ્યા. એ સાંભળીને રાજા ઘણો દુ:ખી થયો. રાણીને પણ ભારે આઘાત લાગ્યો. પોતાની વહાલી લાડકી પુત્રી આવા એક જંગલવાસી ગરીબ જુવાનને પરણે તો ઘણી દુ:ખી થાય એ વિચારથી માતાપિતા ભારે મૂંઝવણમાં પડચાં. તેમણે સાવિત્રીને ઘણું સમજાવી પરંતુ એ પોતાના નિશ્ચયમાં અડગ હતી. તેના સંકલ્પમાંથી માબાપ તેને ચલિત ન કરી શકયાં. આખરે સાવિત્રીની ઈચ્છાનુસાર સત્યવાન સાથે લગ્ન કરવાની માતપિતાએ સંમતિ આપી.

સત્યવાન અને તેના પિતાએ પહેલાં તો આ વાતનો સ્વીકાર ન કર્યો. કારણકે રાજમહેલમાં લાડકોડમાં ઊછરેલી એક સુકુમાર કન્યા જંગલમાં પોતાની સાથે રહીને દુ:ખી થાય એ તેમને ગમતું ન હતું. પરંતુ અશ્વપતિએ સમજાવ્યું કે પોતાની પુત્રી સાવિત્રી ધન, વૈભવ કે રાજપાટ ઈચ્છતી નથી. એ તો કેવળ અંતરના સાચા પ્રેમને જ પસંદ કરે છે. આખરે સત્યવાન અને તેના પિતા સંમત થયા. અને સાદી રીતે ધાર્મિક વિધિથી લગ્ન-સમારંભ ઊજવવામાં આવ્યો. રાજા અશ્વપતિએ સાવિત્રીને કરિયાવરમાં હાથી, ઘોડા, રથ, પાલખી, દાસદાસીઓ, કિમતી આભૂષણો આપવાનું નક્કી કર્યું. પરંતુ સાવિત્રીએ કશું સાથે લઈ જવાની ના પાડી. એણે તો સત્યાવાનની સાથે વનમાં જાતમહેનત કરીને સાદું, સંયમી જીવન ગાળવાનો નિશ્ચય કર્યો.

સાવિત્રી સત્યવાનની સાથે આનંદપૂર્વક પોતાનું ગૃહસ્થજીવન વ્યતિત કરવા લાગી. ઘરનું બધું કામ એ પોતાની જાતે જ કરતી. સત્યવાનની સાથે જંગલમાં જતી અને તેને મદદ કરતી. પિતા તુલ્ય સાસરાની સેવાચાકરી કરતી. આમ સાવિત્રીનું જીવન એક આદર્શ ગૃહિણીનું હતું.

સત્યવાનની સાથે સાવિત્રીએ લગ્ન કરવાનો નિશ્ચય કર્યો ત્યારે, એના પિતા અશ્વપતિએ જોષીને બોલાવી તેની જન્મકુંડળી જોવડાવી હતી. વિદ્વાન જોષીએ ભવિષ્ય જોઈને હતું કે, આ કન્યા એક મહાગુણવાન પતિને વરશે. પરંતુ એના પતિનું આયુષ્ય લાંબું છે કે ટૂંકું તે વિધિના હાથમાં છે, છતાં તપ અને ત્યાગથી વિધિના લેખ ફેરવી શકાય છે.

પ્ર.૧ સત્યવાન અને સાવિત્રીના લગ્ન કેવી રીતે થયા તેનું વર્ણન કરો.

પ્ર.૨ તમારા મોટા ભાઈ/બહેનના લગ્નપ્રસંગનો અનુભવ તમારા શબ્દોમાં લખો.

## પાઠ - ૨
## ભેટ

ઘરે આવીને સીધો જ એ પોતાના પિતાના રૂમમાં ગયો. એમની છબી સામે ઊભા રહેતાં જ એની આંખો વરસી પડી. થોડી વાર આંખ બંધ કરીને એ એમજ ઊભો રહ્યો. પછી પોતાના રૂમમાં આવ્યો. એની બધીજ વસ્તુઓ બરાબર અને વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી. પિતાજી ચોખ્ખાઈ અને સુઘડતાના ખૂબ જ આગ્રહી હતા, એ બરાબર દેખાઈ આવતું હતું. એવામાં એની નજર પોતાના ટેબલ પર પડેલ સોનેરી અક્ષરવાળા બાઈબલ પર પડી. આ એજ બાઈબલ હતું જેના કારણે એણે ઘર છોડયું હતું. એના મનમાંથી પિતાજી માટેની બધીજ કડવાશ ગાયબ થઈ ગઈ હતી. એણે બાઈબલ હાથમાં લઈ ખોલ્યું. પ્રથમ પાના પર જ એના પિતાએ લખ્યું હતું 'હે ભગવાન' મારા દીકરા જેવા ઉત્તમ સંતાનને ભેટ કઈ રીતે આપવી તે તું મને શીખવાડજે. એણે માગેલ વસ્તુઓ સાથે એને ઉત્તમ સંસ્કારોનો વારસો પણ આપી શકું એવું કરજે.

એ યુવકને આજે પોતાના પિતાએ લખેલ આ શબ્દો બાઈબલના શબ્દો જેટલાજ મહાન લાગ્યા. એ શબ્દોને ચૂમવા એણે બાઈબલને હોઠે લગાડયું. એ જ વખતે એના પાનાઓ વચ્ચે ક્યાંક છૂપાયેલ એક નાનકડું કવર નીચે જમીન પર પડયું. પેલા યુવાને એ કવર ખોલ્યું. એમાં હોન્ડા સ્પોર્ટસ-કારની ચાવી અને સંપૂર્ણ ચૂકતે લખેલું પેલા શો-રૂમનું બિલ હતું. એના પર તારીખ હતી : એ પ્રથમ નંબરે પાસ થઈને આવ્યો હતો એ દિવસની..........

પ્રશ્ન ૧ પિતાના અવસાન પછી યુવકના મનમાં ઉઠતાં ભાવ તમારા શબ્દોમાં લખો.

પ્રશ્ન ૨ કોઈ પ્રસંગમાં તમારા પિતા તરફ થયેલી તમારી ગેરસમજ સમયેના તમારા મનોભાવ લખો.

## પાઠ - ૩
## પાટણ

પાટણ ગુજરાતના સામ્રાજ્યનું સત્તાકેન્દ્ર જ નહીં, પરંતુ વિદ્યાકળાના પરમધામ સમું સંસ્કૃતિકેન્દ્ર પણ હતું. જેમાંથી ગુજરાતની પોતાની આગવી સાંસ્કૃતિક અસ્મિતા પ્રગટી. એમાં જેમ રાજા તરીકે સિદ્ધરાજ જયસિંહનો તેમ પરમ વિદ્વાન અને ધર્મપુરુષ તરીકે હેમચંદ્રાચાર્યનો ફાળો છે. એ જૈન સાધુ કલિકાલસર્વજ્ઞ કહેવાયા છે. તેમણે અનેક શાસ્ત્રો રચ્યાં, વિદ્વાનો તૈયાર કર્યા ને પાટણને ભોજની ધારાનગરી સાથે સ્પર્ધા કરતું કર્યું. ગુજરાતને ગૌરવવંતુ બનાવ્યું. તેમણે રચેલ મહાન વ્યાકરણ ગ્રંથ 'સિદ્ધહેમ' શબ્દાનુ શાસનમાં સિદ્ધરાજ તેમજ હેમચંદ્રાચાર્યનું નામ દ્વિઅર્થી રીતે સંકળાયેલું છે તે વાજબી જ છે. કારણ કે એક સહાય અને બીજાના વિદ્વત્તાયુક્ત પરિશ્રમ વગર એ થઈ ન શકત. એ વ્યાકરણ ગ્રંથ પૂરો થયો ત્યારે તેની હાથી પર સવારી કાઢી તેની આગળ સૌ સાથે હેમચંદ્રાચાર્ય ઉપરાંત સિદ્ધરાજ પણ ચાલતા

પાટણની શેરીઓમાં ફરેલા અને વિદ્યાનું-સંસ્કારિતાનું ગૌરવ કરેલું. એ શબ્દાનુશાસનનું આઠમું પ્રકરણ એ ગુજરાતની આગવી ભાષા 'ગુજરાતી'નું આદ્ય વ્યાકરણ ગણાય છે.

સોલંકીઓનું એ પાટણ અનેક મહાલયો-દેવાલયો-સ્થપત્યોથી ભરપૂર હતું. તેમાં સિદ્ધરાજના સમયમાં બંધાયેલ સહસ્ત્રલિંગ તળાવનું વર્ણન વાંચતા તેની વિશાળતા ને ભવ્યતાથી આશ્ચર્ય પમાય છે. એ ચોમેર બાંધેલા ધાટવાળા વિશાળ તળાવની કાંઠે શિવની હજાર દેરીઓ હતી. તેની આસપાસનાં મંદિરો પાઠશાળાઓ વગેરેમાં ધર્મ અને વિદ્યા વિકસતાં. પુરાતત્ત્વવિદો દ્વારા ખોદકામ કરતાં મળી આવેલા આ તળાવના ઓવારાનું તેમજ સરસ્વતી નદીમાંથી પાણી આવવાના માર્ગનું નાળું વગેરેનું બાંધકામ હેરત પમાડે એવું છે. ચોમેર સંખ્યાબંધ શિલ્પકૃતિઓવાળા શિવમંદિરો આ તળાવના ગોળાકારે ગોઠવેલા પથ્થરોનું ચણતરકામ આજે હજાર-હજાર વર્ષો પણ જડબેસલાક છે. પાટણમાં આજે પણ અનેક જૂના અવશેષો જોવા મળે છે – હમણાં થોડાં વર્ષો પહેલાં જ જેનું ખોદકામ થયું તે તેનું અદભુત સ્થાપત્ય તથા શિલ્પસમૃદ્ધિ પ્રગટ થયાં છે તે રાણકી વાવ. 'રાણીની વાવ' તરીકે પણ જાણીતી છે. ભીમદેવની રાણી ઉદયમતીએ બંધાવેલી આ વાવ તે પ્રકારનાં સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. તેની દીવાલો-ગોખમાંની અદ્‌ભુત સૌંદર્યવાન શિલ્પકૃતિઓ આશ્ચર્યકારક શિલ્પકલા પ્રત્યક્ષ કરે છે. પાટણ નજીક ભૂતિયા વાસણા જેવા નાનકડાં ગામે પણ કૂવો ખોદતાં દસમી સદીના અવશેષ મળ્યા છે.

પ્ર.૧ પાટણના શિલ્પ સ્થાપત્યની માહિતી આપો.

પ્ર. ૨ તમે જોયેલ ઐતિહાસિક સ્થળ વિશે માહિતી આપો.

# પાઠ - ૪
# વીર વંદના

એક દેવદૂત, એક પયગંબર, એક શાંતિદૂત છેલ્લે સુધી શાંતિ માટે કામ કરી વિશ્વની વિદાય લઈ ગયો.

એક મહામાનવ, એક વિરાટ, એક જ્યોતિર્ધર, એક તેજપૂંજ વિશ્વને અજવાળતો તેજ-લિસોટો મૂકી આ ફાની દુનિયાનો ત્યાગ કરી ચાલ્યો ગયો.

એણે શું મેળવ્યું અને એણે શું આપ્યું એ તો ઉઘાડી કિતાબ જેવું છે.

ભૌતિક રીતે શાસ્ત્રીજીએ શું મેળવ્યું? કશું જ નહિ. ભૌતિકતા એને માટે ત્યાજ્ય હતી. ભૌતિક સુખોને એણે ક્યારેય સ્વીકાર્યાં જ નહિ, ગરીબીમાં જનમ્યા, ગરીબીમા ઉછર્યા અને જ્યારે વૈભવ એના કદમ ચૂમતો આવ્યો ત્યારે પણ એક અનાસકત યોગીની લાક્ષણિકતાથી એણે એને ન સ્વીકાર્યો.

શાસ્ત્રીજીએ પોતે જ પોતાના માટે દોરેલી એક લક્ષ્મણરેખા હતી, એ રેખાએ એને ગાંધી માર્ગેથી ચ્યૂત થવા ન દીધા.

વસ્ત્રો સાદાં, સાવ સાદાં, કોઈ કોઈ વખત તો ફાટેલા પહેરણને કે ધોતીને સોઈદોરાથી હાથે

સિવેલાં, ખોરાક સાવ સાદો, ભાષા સાવ સાદી, ગામડાનો કિસાન પણ સમજી શકે એવી, શરીરનો બાંધો અને ચહેરો પણ સાદો, ખાસ કોઈ પ્રતિભા ન મળે. રસ્તે ચાલ્યા જતા હોય તો કોઈને એ ભારતના વડાપ્રધાન ન લાગે.

સાદાઈ હતી, પણ આંખોમાં એક કર્મયોગીનું તેજ હતું. ચહેરા ઉપર જે ગરવાઈ હતી એ શ્રમની હતી. એમની વાણી પણ શાંત હતી, બનારસને તીરે વહેતી ભાગિરથી જેવી.

ભૌતિક રીતે તો એ ગરીબીમાં જ જન્મ્યા અને ગરીબીમાં જ સ્વર્ગે સિધાવ્યા.

પણ શાસ્ત્રીજીએ જે વૈભવ મેળવ્યો એ આત્માનો હતો. હૃદયનો હતો. જીવનમાં કયારેય એમણે ધૈર્ય ખોયું નથી, ક્યારેય મનની સમતા ગુમાવી નથી, કયારેય મગજના તરાજુને હાલકડોલક થવા દીધું નથી, ક્યાયેક કામમાંથી પાછી પાની કરી નથી.

શાસ્ત્રીજીએ અઢળક અઢળક, મખલખ મખલખ ખજાનો મેળવ્યો એ લોકચાહનાનો હતો. લોકો તો હંમેશા એને જ આવકારે છે, એને જ પોતાના હૃદય-સિંહાસને બેસાડે છે, જે ત્યાગ કરે છે.

કૃષ્ણને, ઈસુને, બુદ્ધને, મહાવીરને, ઈમામ હુસનને, ગાંધીને અને શાસ્ત્રીને લોકો કેમ ભૂલી શકે! ભૂલે તો પૃથ્વી રસાતાળ ચાલી જાય. કૃષ્ણ, ઈમામ હુસેન, ગાંધી અને શાસ્ત્રી ભુલાય એ અસંભવ છે, કારણ કે એમણે લોકોને માટે જ પોતાની કાયા ઘસી નાખી-ચંદનના લાકડાની જેમ.

અનાસક્ત, કર્મયોગી, અજાચક, અજાતશત્રુને દુનિયા કેમ ભૂલે?

શાસ્ત્રીજીને વૈભવ આત્માનો હતો. અંતિમ સમયે કે જ્યારે તેઓ ભારતના સર્વોચ્ચ વડા હતા ત્યારે પણ એની પાસે ધનમાં ફૂટી કોડી પણ ન હતી. ન હતી જાગીર કે ન હતી વાડી ! ન હતી ઘરની ગાડી કે ન હતું પોતાનું કહી શકાય એવું મકાન ! ન હતાં કારખાના કે ન હતાં ઉદ્યોગ સંકુલો !

શાસ્ત્રીજીની વિદાય પછી કેંરોસ કે વિરોધપક્ષોનો કોઈ પણ નેતા, કોઈ પણ કાર્યકર, કોઈ પણ પ્રધાન આટલો ગરીબ જોવામાં કે જાણવામાં નથી આવ્યો.

**પ્ર. ૧ શાસ્ત્રીજીના જીવનની સાદગી વિશે લખો.**

**પ્ર. ૨ શાસ્ત્રીજીના જેવી સાદગી તમે રાખો શકો કે? શા માટે?**

# વિભાગ ૪

## વ્યાકરણ

### સમાસ

**૧) આપેલા સમાસનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

અ) નવરાત્રિ = ----------------

દ્વિગુ સમાસ　　દ્વદ્વ સમાસ　　વૈકલ્પિક દ્વન્દ સમાસ

બ) હિમગિરી = ---------------

વૈકલ્પિક દ્વન્દ્વ સમાસ　　મધ્યમપદલોપી સમાસ　　દ્વિગુ સમાસ

ક) એકબીજી = ------------

વૈકલ્પિક દ્વદ્વ સમાસ　　ઈતરેતર દ્વદ્વ સમાસ　　સમાહાર દ્વદ્વ સમાસ

**૨) સામાસિક શબ્દોને સાચા વિગ્રહ સાથે જોડી બનાવો.**

| | **અ** | **બ** |
|---|---|---|
| ૧) | ધૂળમાટી | વરાળ વડે ચાલતું ચક્ર |
| ૨) | દોરડા લાકડી | ચાર માસનો સમૂહ |
| ૩) | ચોમાસુ | દોરડાં લાકડી વગેરે |
| ૪) | વરાળચક્ર | ધૂળ અને માટી |

**૩) આપેલા સમાસનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧) આગગાડી = ----------

અ) આગ અને ગાડી　　બ) આગ વડે ચાલતી ગાડી

ક) આગની ગાડી　　ડ) આગ કે ગાડી

૨) સગા સંબંધી = --------------

અ) સગા જે છે તે સંબંધી　　બ) સગાના સંબંધી

ક) સગા અને સંબંધી　　ડ) સગાસંબંધી વગેરે

### સંધિ

અ) યોગ્ય વિકલ્પ શોધીને લખો.

૧) વાતાવરણ - [વાત + આવરણ]　[વાતા + વરણ]　[વાતા + આવરણ]

૨) પરીક્ષા - [પરી + ઈક્ષા]　[પરિ + ઈક્ષા]　[પરિ + રક્ષા]

૩) મહોત્સવ - [મહા + ત્સવ]　[મહો + ત્સવ]　[મહા + ઉત્સવ]

૪) યોગીન્દ્ર - [યોગી + ઇન્દ્ર]　[યોગિ + ઈન્દ્ર]　[યોગ + ઈન્દ્ર]

**બ) સંધિ છોડો :**

રામાનંદ; પ્રત્યાઘાત; હિમાલય; બાલ્યાવસ્થા

**ક) સંધિ કરો.**

જળ + આશય = -------------

અધિ + આપક = -------------

રામ + ઈશ્વર = -------------

સુ + અચ્છ = -------------

## કાળ

**અ) આપેલા કાળ ખરા છે કે ખોટા તે લખો.**

૧) અશ્વિન એન્જિનિયર હતો (ભવિષ્યકાળ) ( )

૨) તું શું કરે છે? (ભૂતકાળ) ( )

૩) કુદરતમાં બધું જ છે. (વર્તમાનકાળ) ( )

૪) એક વર્ષ પછી આપણે જરૂર પરણીશું (ભવિષ્યકાળ) ( )

**બ) કાળ ઓળખો.**

૧) એક જહાજ સાગરમાં જઈ રહ્યું હતું. --------------

૨) તેમાં તસવીરો છાપશો. --------------

૩) મા મૃત્યુ પામી છે. --------------

## વિરામચિહ્નો

અ) યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.

૧) આ પાણી પછી અપંગોના ઘર માટે જતું

૨) હે પ્રભુ તું મને ઉગારી લઈશ તો મારો મહેલ તને આપી દઈશ

**બ) ખાનામાં યોગ્ય વિરામચિહ્નો મૂકો.**

કૃષ્ણે પૂછ્યું [ ] કોણ છે તું ગોરી [ ] ક્યાં રહે છે [ ] આ બાજુ તને કદી જોઈ નથી

**ક) વિરામચિહ્નો ઓળખી યોગ્ય જોડકાં જોડો.**

| અ | બ |
|---|---|
| , | અલ્પવિરામ |
| . | પૂર્ણવિરામ |
| ‘‘ ’’ | પ્રશ્નચિહ્ન |
| ? | આશ્ચર્ય ચિહ્ન |
| ! | અવતરણ ચિહ્ન |

# સમાનાર્થી શબ્દ

## ૧) જોડકાં જોડો

| | |
|---|---|
| અભિલાષા | આદત |
| વ્યોમ | એકલા |
| અટૂલા | આકાશ |
| લત્ત | ઇચ્છા |
| | લતા |

## ૨) અયોગ્ય શબ્દ શોધી સમાનાર્થી શબ્દો લખો.

૧) વાટ = ------------

(રાહ, બારી, રસ્તો, પંથ)

૨) અદ્યતન = -----------

(નવીન, નવું, નયન, આધુનિક)

૩) બે-બે સમાનાર્થી શબ્દ લખો.

| હાથ | | વૃક્ષ | | અંગ | |
|---|---|---|---|---|---|
| | | | | | |

# વિરોધી શબ્દ

## ૧) જોડકાં જોડો

| | | |
|---|---|---|
| ઈચ્છા | × | અંતિમ |
| શાંતિ | × | અનિચ્છા |
| સ્વતંત્રતા | × | અશાંતિ |
| પ્રથમ | × | પરતંત્રતા |

## ૨) કોઠામાંથી વિરોધી શબ્દ શોધો.

દિવસ, બંધન, સગવડ, કુદરતી

| | | | |
|---|---|---|---|
| રા | ત | કુ | અ |
| બં | મુ | ક્તિ | ગ |
| અ | ગ | વ | ડ |
| રા | કૃ | ત્રિ | મ |

## રૂઢિપ્રયોગ

**અ) યોગ્ય જોડકાં જોડો**

| | | |
|---|---|---|
| ૧) | ઘડીના છઠ્ઠા ભાગમાં | યાદ આવવું |
| ૨) | જીભ પર આવવું | ખૂબ મુશ્કેલ કામ હોવું |
| ૩) | રેતીમાં વહાણ ચલાવવું | નિષ્ણાંત હોવું |
| ૪) | પાવરધા હોવું | ક્ષણભરમાં |

**બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી રૂઢિપ્રયોગના અર્થ લખો.**

૧) હતાશ થઈ જવું = -----------

(નવાઈ પામવું, નિરાશ થઈ જવું, સ્તબ્ધ થઈ જવું)

૨) ગણતરી ગણવી = ------------

(ગણગણવું, કરકસર કરવી, હિસાબ રાખવો)

# વિભાગ ૫
# લેખન વિભાગ

## પત્રલેખન

**ઔપચારિક પત્રો (વ્યવહારિક પત્રો)**

**૧) તમારી શાળાની આસપાસના ફેરિયાના ત્રાસને દૂર કરવા મહાનગરપાલિકાના અધિકારીને પત્ર લખો. નીચેના મુદ્દાઓનો સમાવેશ જરૂરી.....**

અસ્વચ્છતા, ઘોંઘાટ,
ટ્રાફિકની સમસ્યા,
રોગચાળાનો ભય

**૨) પુસ્તકવિકેતા પાસેથી પુસ્તકો મંગાવતો પત્ર**
**નીચેના મુદ્દાઓનો સમાવેશ જરૂરી .......**

સ્વમાહિતી,
પુસ્તકોની યાદી,
પેમેન્ટ...

**અનૌપચારિક પત્રો**

**૧) માતૃભાષા શીખવાનું મહત્વ જણાવતો પત્ર મિત્ર / સખીને લખો.**

સંબોધન
વિવિધ ભાષાનું મહત્વ, માતૃભાષાનું સ્થાન, શીખતા મળતો આનંદ,
સ્વાનુભવ....... અંત......

**૨) શાળામાં ઉજવાયેલ વાર્ષિકોત્સવનું વર્ણન કરતો પત્ર પિતાજીને લખો.**

સંબોધન
વાર્ષિકોત્સવનું આયોજન,
વિવિધ કાર્યક્રમ, સહભાગ
અતિથિ વિશેષની માહિતી....... સમાપન

**૩) તમારા નાના ભાઈ/બહેનને અભ્યાસ સાથે રમતગમતનું મહત્ત્વ સમજાવતો પત્ર લખો.**

સંબોધન
અભ્યાસનું મહત્ત્વ......... રમતગમતનું મહત્વ ........ શારીરિક-માનસિક વિકાસ.......
શિસ્ત ....... સ્વાનુભવ..... સમાપન

## જાહેરાત લેખન

**૧) રક્તદાન શિબિરની જાહેરાત તૈયાર કરો.**

આયોજન ........ મહત્વ
સ્થળ........ સમય.........

**૨) પ્રવાસ/પર્યટનની જાહેરાત તૈયાર કરો.**

સ્થળ ........ વિશેષતા ....... સમય .......
સગવડો ........ ખાણીપીણી ....... આયોજન

## આમંત્રણ પત્રિકા

૧) તમારી શાળામાં યોજનાર પ્રજાસત્તાક દિનની ઉજવણીની આમંત્રણ પત્રિકા તૈયાર કરો.

૨) તમારા પૂ. દાદાજીની ષષ્ઠીપૂર્તિ ઉજવણીની આમંત્રણ પત્રિકા તૈયાર કરો.

૩) તમારા નાનાભાઈની જન્મદિવસની ઉજવણીની આમંત્રણપત્રિકા તૈયાર કરો.

૪) વૃક્ષારોપણ કાર્યક્રમની આમંત્રણ પત્રિકા તૈયાર કરો.

## સ્વાનુભૂતિ સાથે વર્ણન

૧) તમારી આજુબાજુના પરિસરને સ્વચ્છ રાખવા માટે તમે લીધેલા પગલાં જણાવો.

૨) માનવનો પરમધર્મ માનવતા કે દાનવતા? તમારો મત જણાવો.

૩) વીજળી અને પાણીની બચત અંગેના તમારા વિચારો જણાવો.

## ભાષાંતર

નીચેના અંગ્રેજી વાક્યોનું ગુજરાતીમાં ભાષાંતર કરો.

1) Work is worship.

2) Smoking is injourious to health.

3) A hand that rocks cradle can rule the world.

4) Where do you stay?

5) Who is making noise?

6) I stay with my grandfather.

7) No one will manufacture a lock without a key.

**નીચેના ગુજરાતી વાક્યોનું અંગ્રેજીમાં ભાષાંતર કરો.**

૧) જેવું વાવો તેવું લણો.

૨) મારી મહેચ્છા ડૉક્ટર બનવાની છે.

૩) માન આપો, માન મેળવો.

૪) સ્વપ્ન એ નથી જે ઊંઘમાં આવે સ્વપ્ન એ છે જે આવ્યા પછી ઊંઘ ન આવે.

૫) બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

૬) અબ્રાહમ લિંકનનો જન્મ ઇસ. ૧૮૦૯ માં થયો હતો.

૭) કેવું સુંદર દશ્ય છે !

-----------xxx-----------

# ગુજરાતી નમૂના કૃતિપત્રિકા
## ધોરણ - નવમું

ગુણ - ૮૦ **ગુજરાતી (દ્વિતીય/તૃતીય ભાષા)** સમય - ૩ કલાક

## વિભાગ ૧ - ગદ્ય વિભાગ

**અ) નીચેનો ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.**

**અ-૧ ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો :** (૨)

૧) દરેક મનુષ્ય પૂર્ણ વ્યક્ત પરમાત્માનો એક વિશિષ્ટ અંશ છે.

૨) પ્રતિકૂળતા હમેશા આત્મચિંતન માટે વિશાળ તકો પૂરી પાડે છે.

૩) પ્રાર્થના તો ઉલટી, લોકો વચ્ચે આત્મિક સંવાદને શક્ય બનાવે છે.

૪) મેં મારા પિતાને પ્રશ્ન કર્યો.

રામેશ્વરમ મંદિરના મુખ્ય પૂજારી પાક્ષી લક્ષ્મણ શાસ્ત્રી પિતાના ગાઢ દોસ્ત હતા. મારા બાળપણની જે મધુર અને સ્પષ્ટ સ્મૃતિઓ છે તેમાંની એકમાં હું આ બે વડીલોને, તેમનાં પરંપરાગત વસ્ત્રોમાં, ધાર્મિક અને આધ્યાત્મિક ચર્ચામાં મશગૂલ જોઈ શકું છું. જ્યારે મારી ઉંમર પ્રશ્નો પૂછવા જેટલી થઈ, ત્યારે હું મારા પિતાને નમાજ કે પ્રાર્થનાની ઉપયોગિતા વિશે પૂછતો. મારા પિતા મને જવાબ આપતા તેમ નમાજમાં કશું રહસ્યમય ન હતું. પ્રાર્થના તો, ઊલટી, લોકો વચ્ચે આત્મિક સંવાદને શક્ય બનાવે છે. ‘જ્યારે તમે પ્રાર્થના કરો છો,’ તે કહેતા, ‘ત્યારે તમે તમારા દેહભાવને અતિક્રમો છો અને અસ્તિત્વનો જ એક હિસ્સો બની જાવ છો, જ્યાં ધન, વય, જ્ઞાતિ, કર્મ વગેરે વિશે કોઈ ભેદભાવ નથી હોતો.’

મારા પિતાની એક વિશિષ્ટતા એ હતી કે તેઓ ગમે તેવા કઠિન ધાર્મિક વિચારોને ખૂબ સરળ અને વ્યવહારુ, તામિલમાં સમજાવી શકતા. તેમણે એક વાર મને કહેલું, ‘પોતાના કાળમાં, પોતાના સ્થળમાં, પોતે જે વાસ્તવિક છે, અને શુભ-અશુભ જે સ્તરે પહોંચેલ છે, દરેક મનુષ્ય પૂર્ણ વ્યક્ત પરમાત્માનો એક વિશિષ્ટ અંશ છે, એટલે તકલીફો, પીડાઓ અને સમસ્યાઓથી શા માટે ગભરાવું જોઈએ? જ્યારે મુશ્કેલીઓ આવે, ત્યારે આ પીડાઓનો સંદર્ભ સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. પ્રતિકૂળતા હંમેશા આત્મચિંતન માટે વિશાળ તકો પૂરી પાડે છે.’

‘જે લોકો તમારી પાસે સહાય અને સલાહ લેવા આવે છે તેમને તમે શા માટે આ નથી કહેતા?’ મેં મારા પિતાને પ્રશ્ન કર્યો, ત્યારે તેમણે મારા ખભા પર સ્નેહથી હાથ મૂકી અને મારી આંખોમાં આંખ પરોવી થોડી પળો સુધી કશો જવાબ ન આપ્યો, જાણે કે હું તેમનો જવાબ સમજી શકીશ કે નહીં તેમ માનીને મારી શક્તિને તેઓ ચકાસતા હતા. પછી ધીમા, ઘેરા અવાજે બોલ્યા, જે ઉત્તરથી હું એક અદમ્ય શક્તિ અને ઉત્સાહથી ઊભરાઈ ગયો હતો.

**અ-૨ મને ઓળખો :-** **(૨)**

૧) રામેશ્વરમ મંદિરના પૂજારી ☐

૨) લોકો વચ્ચે આત્મિક સંવાદને શક્ય બનાવનાર ☐

**અ-૩ સહસંબંધ લખો.** **(૨)**

| અ | બ |
|---|---|
| સત્ય | કુસંપ |
| લાભ | અસત્ય |
| સંપ | અયોગ્ય |
| યોગ્ય | ગેરલાભ |

**અ-૪ અબ્દુલકલામ અને તેમના પિતા વચ્ચેનો ભાવનાત્મક વ્યવહાર તમારા શબ્દોમાં લખો.** **(૨)**

**બ) નીચેનો ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.**

**બ-૧ નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં? ખોટા વિધાનો સુધારીને ફરીથી લખો.(૨)**

૧) દેવજી બેગ ઊંચકી આગળ જતો હતો.

૨) આજની આ યુવતીમાં એને કશું કામણ લાગ્યું નહીં.

૩) સંતોકે લગ્નની ભેટમાં સાંકળ માગી હતી.

૪) એની પત્ની સંતોક ભૂલાઈ ગઈ.

દેવજી બેગ ઊંચકીને પાછળ-પાછળ જતો હતો. તાજું પરણેલું યુગલ આગળ જતું હતું. દેવજી એમને એકી નજરે જોતાં પાછળ ઘસડાતો હતો. માથે ગુલાબી સાફો અને પગમાં ચમચમ થતા જોડાં પહેરલો જુવાન અને એવી જ જુવાન નવોઢા એને અડીને ચાલતી હતી. આછા લાલ સાળુમાં શોભતી યુવતીના હાથેપગે મેંદીની ભાત દેખાતી હતી. સાળુની રૂપેરી કિનાર તડકામાં ઝગમગ ઝગમગ થતી હતી. દેવજી આ બધું અવલોકતો જતો હતો તેમ તેમ એનું હૈયું હરખાતું હતું. લોખંડની મોટી બેગનો ભાર એને જરાયે લાગતો નહોતો.

આમ તો એ લગ્નસરામાં ઘણાંયે નવદંપતીને જોતો હતો. પણ આજની આ યુવતીમાં એને કશુંક કામણ લાગ્યું. આગળ દોડી જઈને એનું મોઢું બરાબર નીરખી લેવાનું મન થઈ આવ્યું. પણ એની કંઈ જરૂર ન લાગી. યુવતીની કમરે ઝૂલતી ચાંદીની સાંકળીમાં એની નજર ચોંટી ગઈ. એથી એની પત્ની સંતોક યાદ આવી ગઈ.

ત્યારે એ પણ સંતોકની સાથે તાજો પરણેલો સોહામણો નટખટ જુવાન હતો, પણ સંતોકને લઈ આ રીતે છૂટથી બહાર હરવા ફરવા જઈ શકતો નહોતો. સંતોકે લગ્નની ભેટમાં સાંકળી માગી હતી ત્યારે દેવજી રાજી થતો બોલેલો, 'હા, હા, ઘડાવી આપું.'

'એ તો તૈયાર મળે છે અને એના ચકતા ઉપર મારું નામ કોતરાવાનું હોં !'

**બ-૨ જવાબ લખો.** **દ્ગ(૨)**

૧) સાડી માટે વપરાયેલો શબ્દ

૨) નવવરણિત કન્યા માટે વપરાયેલો શબ્દ

૩) દેવજીની પત્નીનું નામ

૪) સંતોકે માંગેલી લગ્નની ભેટ

**બ-૩ આકૃતિ પરથી શબ્દો બનાવો.** **(૨)**




**બ-૪ દેવજી જેવો તમે જોયેલો / સાંભળેલો અનુભવ તમારા શબ્દોમાં લખો. (૨)**

**ક) નીચેનો ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.**

પૈસો-દોલત કિંમતી ધન નથી પણ સમય સૌથી કિંમતી ધન છે એ વસ્તુ તમે હમેશા યાદ રાખો.

સમયસર કરેલા કામ જ ઊગી નીકળે છે. સમય વીતી ગયા પછી કામનું ફળ મળતું નથી કેટલાંક કાર્યો એવાં હોય છે કે જે નિશ્ચિત સમયે ન કરવામાં આવે તો તેનું પરિણામ સારું આવતું નથી.

યુરોપનો વિજેતા નેપોલિયન સમયની કિંમત સુપેરે સમજતો હતો અને તે યુદ્ધ જીતવામાં અનુકૂળ સમયને ધ્યાનમાં રાખી સંગ્રામ ખેલતો અને તેને વિજય જ હાંસલ થતો. અંતિમ યુદ્ધ વેળા તે યોગ્ય સમય ચૂકી ગયો અને વોટરલૂના મેદાનમાં તેણે અને સેનાપતિ ગ્રાઉચીએ થોડી મિનિટનું મોડું કર્યું અને પરિણામે બાજી પલટાઈ ગઈ. વિજેતા બનવાને બદલે તે પરાજિત બની ગયો.

કેટલીક વખત તક સામે આવીને ઊભી હોય છે પરંતુ એ વખતે લાંબો વિચાર કરવા રહો, અન્યની સલાહ લેવા જવાનું તમે વિચારો, કોઈ હા પાડે અને કોઈ ના પાડે ત્યારે દ્વિધા અનુભવો અને કોઈ એક ચોક્કસ નિર્ણય પર ન આવી શકો તો હાથમાં આવેલી એ તક સરી પડે છે અને કેટલીક વાર તો જીવનમાં એવી તક ફરી સાંપડતી નથી. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જશો નહિ.

વિશ્વના મહાન પુરુષો સમયની કિંમત સારી પેઠે જાણતા હતા અને તેમને મળતી પ્રત્યેક ક્ષણોનો તેમણે સદુપયોગ કર્યો છે.

**ક-૧ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.** **(૧)**

યુરોપનો વિજેતા નેપોલિયન................

- કુરુક્ષેત્રના મેદાનમાં પરાજિત થયો.
- વૉટરલૂના મેદાનમાં પરાજિત થયો.
- યુરોપના મેદાનમાં પરાજિત થયો.

**ક-૨ સહસંબંધ શોધો.** **(૧)**

| | |
|---|---|
| ટૂંકો | |
| પ્રતિકૂળ | |

**ક-૩ લેખકે 'સમયને સૌથી કિંમતી ધન' કહયું છે આ સાથે તમે સહમત છો? હા કે ના? શા માટે?** **(૨)**

## વિભાગ ૨ - પદ્ય વિભાગ

**પ્ર. ૨ અ) પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.** **(૨)**

**ખાલી જગ્યા પૂરો.**

| | |
|---|---|
| ૧) | ફાગણ મહિનો ________ ને ફાલ્યાં ________ દ્રાક્ષ. |
| ૨) | ચૈત્રે ________ મહોરિયો ને સ્હોરી ________ |

કારતક મહિનો કામનો, ને કામે નાનાં બાળ,
માગશરે મન મોહી રિયાં, દલડાં લાલગુલાલ,
આણા ના' વ્યાં રે મોરાં
પોષ મહિનાની પૂનમડી, અગાશીએ રાંધ્યાં અન્ન,
મહા મહિનાનાં માયરાં ને પરણે જાદવરાય,
આણા ના' વ્યાં રે મોરાં
ફાગણ મહિનો ફાલીઓ ને ફાલ્યાં દાડમ દ્રાક્ષ
ચૈત્રે ચંપો મહોરિયો ને સ્હોરી આંબાડાળ,
આણા ના' વ્યાં રે મોરાં
વૈશાખે વન વેડિયાં ને વેડ્યાં દાડમ દ્રાક્ષ,
જેઠ મહિનાના તડકા ને ઘરમાં નવ રહેવાય,
આણા ના' વ્યાં રે મોરાં

**અ-૨ આપેલા મહિનાઓને યોગ્ય ક્રમાનુસાર ગોઠવો.** **(૨)**

| ચૈત્ર | પોષ | કારતક | ફાગણ |
|---|---|---|---|

**અ-૩ લઘુતાવાચક શબ્દ બનાવો. (૨)**

દા.ત. પૂનમ - પૂનમડી

દાડમ -

જીભ -

આંખ -

રાત -

**અ-૪ આજના યુગમાં ઉજવાતા તહેવારો વિષે તમારો અભિપ્રાય જણાવો.**

**બ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. (૨)**

**બ-૧**

૧) કાવ્યના કવિનું નામ જણાવો.
૨) કાવ્યનો પ્રકાર જણાવો.

વીતેલા બાળપણનો હાથ ઝાલીને જરા નીકળો
નર્યા વિસ્મયની ક્ષણનો હાથ ઝાલીને જરા નીકળો
સમજવા મનને સઘળી શાસ્ત્ર સમજણ ખીંટીએ ટાંગો !
પછી કોઈ અભણનો હાથ ઝાલીને જરા નીકળો
અટૂલા પાડી દે છે કૈં વખત પોકળ પરિચિતતા,
અજાણ્યા કોક જણનો હાથ ઝાલીને જરા નીકળો
જીવનની ભીંસમાં કરમાઈ જાતાં વાર નહીં લાગે,
તરોતાજા સ્મરણનો હાથ ઝાલીને જરા નીકળો.

**બ-૨ જીવનની આ અવસ્થાઓને યોગ્ય ઘટનાક્રમમાં ગોઠવો. (૨)**

**બ-૩ આપેલ ખાનામાં યોગ્ય શબ્દ લખો. (૨)**

૧) જાણીતો નથી તે
૨) સમજ પડે તે
૩) કર, પાણિ
૪) ભણેલો નથી તે

| | | | |
|---|---|---|---|
| ૧ | | | ૨ |
| X | X | X | |
| ૩ | | X | |
| X | ૪ | | |

## વિભાગ ૩ - વિશેષ વાચન

**પ્ર. ૩ ગદ્યખંડ વાંચી આપેલ કૃતિ કરો.**

ઘરે આવીને સીધો જ એ પોતાના પિતાના રૂમમાં ગયો. એમની છબી સામે ઊભા રહેતાં જ એની આંખો વરસી પડી. થોડી વાર આંખ બંધ કરીને એ એમ જ ઊભો રહ્યો. પછી પોતાના રૂમમાં આવ્યો. એની બધીજ વસ્તુઓ બરાબર અને વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી. પિતાજી ચોખ્ખાઈ અને સુઘડતાના ખૂબ જ આગ્રહી હતા, એ બરાબર દેખાઈ આવતું હતું. એવામાં એવી નજર પોતાના ટેબલ પર પડેલ સોનેરી અક્ષરવાળા બાઈબલ પર પડી. આ એ જ બાઈબલ હતું જેના કારણે એણે ઘર છોડ્યું હતું. એના મનમાંથી પિતાજી માટેની બધી જ કડવાશ ગાયબ થઈ ગઈ હતી. એણે બાઈબલ હાથમાં લઈ ખોલ્યું. પ્રથમ પાના પર જ એના પિતાએ લખ્યું હતું 'હે ભગવાન' મારા દીકરા જેવા ઉત્તમ સંતાનને ભેટ કઈ રીતે આપવી તે તું મને શીખવાડજે. એણે માગેલ વસ્તુઓ સાથે એને ઉત્તમ સંસ્કારોનો વારસો પણ આપી શકું એવું કરજે.

એ યુવકને આજે પોતાના પિતાએ લખેલ આ શબ્દો બાઈબલના શબ્દો જેટલા જ મહાન લાગ્યા. એ શબ્દોને ચૂમવા એણે બાઈબલને હોઠે લગાડ્યું. એ જ વખત એના પાનાઓ વચ્ચે ક્યાંક છૂપાયેલ એક નાનકડું કવર નીચે જમીન પર પડ્યું. પેલા યુવાને એ કવર ખોલ્યું. એમાં હોન્ડા સ્પોર્ટસકારની ચાવી અને સંપૂર્ણ ચૂકતે લખેલું પેલા શો-રૂમનું બિલ હતું. એના પર તારીખ હતી : એ પ્રથમ નંબરે પાસ થઈને આવ્યો હતો એ દિવસની............

અ-૧ પિતાના અવસાન પછી યુવકના મનમાં ઉઠતા ભાવ તમારા શબ્દોમાં લખો.

અ-૨ કોઈ પ્રસંગમાં પિતા તરફ થયેલી તમારી ગેરસમજ સમયના તમારા મનોભાવ લખો.

## વિભાગ ૪ - વ્યાકરણ

**પ્ર. ૪ સૂચના પ્રમાણે કરો.**

**૧) યોગ્ય રીતે જોડકાં જોડો. (૨)**

| **સમાસ** | **પ્રકાર** |
|---|---|
| ૧) રાધાકૃષ્ણ | ૧) વૈકલ્પિક દ્વંદ્વ સમાસ |
| ૨) નવરાત્રિ | ૨) ઈતરેતર દ્વંદ્વ સમાસ |
| ૩) વૃંદાવન | ૩) દ્વિગુ સમાસ |
| ૪) સુખદુઃખ | ૪) મધ્યમપદ લોપી સમાસ |

**૨) આપેલ વિરામ ચિહ્નોના નામ લખો. (૨)**

૧) ‘‘ ’’ [ ]

૨) ? [ ]

૩) , [ ]

૪) . [ ]

**૩) યોગ્ય વિકલ્પ પસંદ કરી રૂઢિપ્રયોગના અર્થ લખો.** **(૨)**

૧) પાવરધા હોવું

(નવાઈ પામવી હોશિયાર હોવું, ગુસ્સો કરવો)

૨) શમી જવું

(શાંત થઈ જવું, ઉકળાટ થવો, જીવને ચેન ન પડવું)

૩) હતાશ થઈ જવું

(સ્તબ્ધ થઈ જવું, નવાઈ પામવું નિરાશ થઈ જવું)

૪) આજીજી કરવી

(વિનંતી કરવી, ગુસ્સો કરવો, ઑર્ડર કરવો)

**૪) આપેલા કાળ ખરા છે કે ખોટા તે લખો.** **(૨)**

૧) એ તો તૈયાર મળે છે. (ભૂતકાળ)

૨) મારાં ઘણાં લેખો છપાયા હતા. (ભવિષ્યકાળ)

૩) બે દહાડે નીંદામણે પણ આવવું પડશે. (ભવિષ્યકાળ)

૪) એ તો તૈયાર મળે છે. (વર્તમાનકાળ)

**૫) કોઠામાંથી વિરોધી શબ્દ શોધો.** **(૨)**

દિવસ, બંધન, સગવડ, કુદરતી

| | | | |
|---|---|---|---|
| રા | ત | કુ | અ |
| બ | મુ | ક્તિ | ગ |
| અ | ગ | વ | ડ |
| રા | કૃ | ત્રિ | મ |

## વિભાગ ૫ - લેખન

પ્ર. ૫ અ) પુસ્તકવિક્રેતા પાસેથી પુસ્તકો મંગાવતો પત્ર લખો. (૫)

નીચેના મુદ્દાઓનો સમાવેશ જરૂરી..........

સ્વમાહિતી, પુસ્તકોની યાદી, લેખકોના નામ, પેમેન્ટ

**અથવા**

**તમે કરેલ પ્રવાસનું વર્ણન કરતો પત્ર તમારા મોટા ભાઈને લખો.**

**નીચેના મુદ્દાઓનો સમાવેશ જરૂરી .................**

| |
|---|
| પ્રવાસ ક્યાં? કોની સાથે? સ્થળની<br>વિશિષ્ટતા .......... પ્રદેશની ખાસિયત .........<br>ભાષા ............ ધર્મ......... જોવા લાયક સ્થળોની માહિતી. |

**બ) નીચેનો ગદ્યખંડ વાંચી પાંચ પ્રશ્નો બનાવો. (૫)**

ગાંધીજીએ શ્રમ અને શ્રમના ગૌરવને ઈશ્વરી નિયમ તરીકે ગણાવી લખ્યું છે કે, ''બુદ્ધિનું કામ શરીરની મજૂરીના કામ જેટલું મહત્વનું અને જરૂરી છે. જીવનની સળંગ યોજનામાં બેશક તેનું સ્થાન છે, પણ મારો આગ્રહ દરેક માણસે શરીર વડે મજૂરી કરવી જોઈએ એવો છે. મારો દાવો છે કે કોઈપણ માણસ શારીરિક શ્રમ કરવાની ફરજમાંથી મુક્ત ન હોય.''

સમાજમાં એવી વૃત્તિ મળે છે કે શ્રમ કરનારા શ્રમ ન કરનારાઓ કરતાં નીચા ગણાવા લાગ્યા છે. પરિણામે શ્રમની પ્રતિષ્ઠા અને ગૌરવ ઘટયું છે. અને તેની સાથે શ્રમની કિંમત પણ ઘટી છે. સમાજમાં ઊંચ-નીચના ભેદ ઊભા થયા છે. વર્ગવિગ્રહ સર્જાયો છે. આ બધાના ઉપાયરૂપે ગાંધી વિચારધારામાં શ્રમના ગૌરવને સ્વીકારવાનું સૂચવાયું છે. ''તારો પસીનો પાડી તું રોટી મેળવજે'' એ ગાંધીવાદનો સંદેશો છે. ગાંધીવાદની શ્રમની નિષ્ઠા માનવીને નિર્મોહી બનાવી અને ગરીબાઈમાંથી મુક્ત કરે છે.

**ક) ગુજરાતી વાક્યોનું અંગ્રેજીમાં ભાષાંતર કરો. (૫)**

૧) મારો ભાઈ ડૉક્ટર બનવાની ઈચ્છા રાખે છે.

૨) ગાંધીજીનો જન્મ પોરબંદરમાં થયો હતો.

૩) ભારત મારો દેશ છે.

૪) કેવી સુંદર શાળા !

૫) મીરાંબાઈ ઉત્તમ કવયિત્રી છે.

**ડ) પાણીની બચત અંગેના તમારા વિચારો જણાવો. (૫)**

**ઈ) નીચેનામાંથી કોઈપણ બે લખો. (૫)**

**૧) તમારી શાળામાં યોજાનાર વાર્ષિક રમતોત્સવની આમંત્રણ પત્રિકા તૈયાર કરો.**

**૨) યોગવર્ગની જાહેરાત તૈયાર કરો.**

**૩) મુદ્દાઓ પરથી વાર્તા તૈયાર કરો.**

શાળાએ જતો બાળક --- રેલવેના પાટા ઓળંગવા--- તૂટેલા પાટા જોવા --- પૂરપાટ ધસી આવતી ગાડી --- ભયંકર પરિસ્થિતિની કલ્પના --- લાલ રૂમાલ ફરકાવવો --- ગાડીનું થોભવું --- મોટી હોનારતમાંથી બચાવ ---- ધન્યવાદ --- પારિતોષિક --- સરકાર દ્વારા.

-----------xxx----------